

# અનુપમની હે અમૃતધારા...!

**'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ,**
**અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ, ૨૭ જાન્યુઆરી, ૨૦૧૮**




**~ સદ્ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા**

(ગતાંકથી આગળ...)

**આપણાં** શાસ્ત્રો કહે છે કે, આહાર, નિદ્રા, ભય અને મૈથુન – એ ચારેય ક્રિયા જીવ-પ્રાણીમાત્ર એકસરખી કરે છે. પશુ હોય, પંખી હોય, પેટે ચાલનારું, પગે ચાલનારું અને મનુષ્ય; તેઓ સૌ આ ચાર ક્રિયાઓ કરે છે. પણ તમે તો માણસ છો તો તમારામાં વિશેષ શું છે ? જ્યાં સુધી પેલી ચાર ક્રિયાઓ એટલે કે, પાંચ ઈન્દ્રિયોની ભૂખો સંતોષવા માટે જ થતી સઘળી ક્રિયાઓ જ્યારે તમે કરો છો ત્યારે પશુમાં અને તમારામાં કાંઈ ફરક નથી એમ શાસ્ત્રો કહે છે. 'પશુમાં ને માણસમાં ભેદ છે, તો હું માણસ કહેવાઉં ?' આ વિચાર જે દિવસે આવ્યો તે દિવસે વિષાદયોગ શરૂ થયો. માણસ, માણસ થઈને જીવતો નથી. માણસ આવ્યો છે પશુયોનિમાંથી એટલે પશુના સંસ્કારો વારેવારે પ્રગટી આવે છે ને આ ચાર ક્રિયાઓ એ પેલા પશુઓની માફક જ કરે છે, એનાથી હજુ એ ઉપર ઊઠ્યો જ નથી. જે મનુષ્યશરીરના માધ્યમ દ્વારા જ થઈ શકે અને જે પશુઓ નથી કરી શક્યાં, વળી આપણે પણ જ્યારે પશુયોનિમાં હતા ત્યારે નથી કરી શક્યા; એ કરવાનો પ્રભુએ આ જન્મે આપણને મોકો આપ્યો છે. જે ભૂલી ગયા છીએ એ કરવા માટે જાગીએ તે આપણે અર્જુનની અવસ્થા પ્રાપ્ત કરી અને ભગવાન શ્રી કૃષ્ણનો સંદેશો આપણા સુધી પહોંચ્યો.

બ્રહ્મમય યોગીની સ્થિતિનું વર્ણન ભગવાન આગળના શ્લોકમાં કરે છે. *જે મને બધે જ જુએ છે, અને મારામાં બધાંને જુએ છે. તેની નજરમાંથી હું અદશ્ય થતો નથી. અને મારી નજરમાંથી પણ એ ખસતો નથી.* ભગવાનની કૃપા મેળવવી હોય તો વાસુદેવં સર્વં ઈતિ. – જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે. આવા બ્રહ્મમય યોગીની આંખમાં ભગવાન વસી ગયા છે એટલે જ્યાં જુએ ત્યાં એને ભગવાન જ દેખાય છે. માણસની આંખમાં વિકાર વસ્યો છે અને બ્રહ્મમય યોગીની આંખમાં ભગવાન વસ્યો છે. છે તો બેય મનુષ્યશરીરનું ધોકડું જ, પણ બેયની ભૂમિકામાં કેટલો ભેદ છે તે સમજી શકાય છે. કોઈકની આંખમાં જો કંઈક ખરાબ વૃત્તિ હોય તો સામેવાળી વ્યક્તિને તરત તે દેખાઈ જાય છે, વંચાઈ જાય છે.

આપણે કોઈકના ઘરે મહેમાન થઈ ડૉરબેલ મારીએ, ત્યારે જો ટી.વી. સિરિયલનો સમય ચાલતો હોય તો કંટાળો દેખાડીને ઊભા થઈને કોઈ દરવાજો તો ખોલે, પણ એ દરવાજો ખોલનારાની આંખોના ભાવ જોઈને તમારે નક્કી કરવાનું કે, અહીંયાં બેસવું કે ના બેસવું. અને બેસવું તો કેટલા લાંબા સમય માટે બેસવું. જ્યાં ભાવ ના હોય, જ્યાં આવકાર ના હોય, જ્યાં પ્રેમ ના હોય ત્યાં પરાણે જવું નહિ એ સજ્જન માણસનું લક્ષણ છે. તો આંખ વાંચતાં શીખવું પડે ભાઈ !

ભગવાન અહીંયાં કહે છે કે, 'એ મને બધે જુએ છે, અને મારામાં બધાંને જુએ છે.' ભગવાન આગળ વિશ્વરૂપની વાત કરશે અને બધું એમનામાં સમાઈ ગયેલું અને એમનામાંથી ઉત્પન્ન થયેલું અર્જુનને બતાવશે; ત્યારે અર્જુન કહેશે કે, 'બાપ રે બાપ, તમે જેવા હતા તેવા થઈ જાવ તો તમારા દર્શનનું સુખ આવે.' જ્યારે ભગવાન વિશ્વસ્વરૂપે આવીને ઊભા રહે છે ત્યારે અર્જુન આવડી અમથી ઢીંગલી થઈને ભગવાન આગળ ઊભા હોય છે. આપણે બધાં આવાં છીએ. બ્રહ્માંડની દષ્ટિએ-આપણી ગૅલેક્સીની દષ્ટિએ આપણે ક્યાં છીએ ? અનંત બ્રહ્માંડોમાંનું આપણું એક બ્રહ્માંડ, એમાં આપણો સૂર્ય, આપણા સૂર્યમાંથી પેદા થયેલી આપણી પૃથ્વી ને એના અનેક ગ્રહો અને એનું દિવસ-રાત ચાલતું ભ્રમણ, એમાં આપણો ખંડ, આપણો દેશ, એમાં આપણો પ્રદેશ, એમાં આપણું ફળિયું ને એમાં આપણું ઘર ને એમાં

આપણે, એની જગ્યા ક્યાં ? એની કોઈ હસ્તી જ નથી અને તોય કેટલો 'હું'કાર, અહંકાર હોય છે ! બ્રહ્માંડની ગણતરીમાં મારી-તમારી-આપણી હસ્તી શું ? જન્મ્યા, જીવ્યા ને મર્યા એ ક્રમમાં સતત ચાલ્યા રહેતાને મોક્ષની ગતિની વાત કરવા માટે નિરાંતે બેસવું પડે અને ઈન્દ્રિયોના પોષણ માટે જે ક્રિયાઓ કરીએ છીએ એમાંથી પાછા વળીને મોક્ષમાર્ગ માટે શું કરવાનું છે તે જોવું પડે.

બ્રહ્મમય યોગીની સ્થિતિ ભગવાને જે કહી કે, *જે મને જ બધે જુએ છે અને મારામાં બધાંને જુએ છે તેની નજરમાંથી હું અદશ્ય થતો નથી અને મારી નજરમાંથી એ ખસતો નથી.* એટલે આપણે સંતોને ને ગુરુજનોને કહીએ છીએ કે, અમારી પર કૃપાદૃષ્ટિ રાખજો, તમારી રહેમનજર અમારા પર રાખજો. પણ ભાઈ, તારેય અમારી તરફ નજર તો રાખવી પડે કે ના રાખવી પડે ? જેટલા 'સતી'ના ધરમ એટલા 'સતા'ના ધરમ પણ હોય કે ના હોય ? એમ, ગુરુ-શિષ્યનો સંબંધ છે, તો જેમ ગુરુની ફરજો છે તેમ શિષ્યની પણ ફરજો રહે છે.

*જે સર્વ ભૂતોમાં એકરૂપે વસતા અને સ્થિર થયેલા મને ભજે છે, એ યોગી કોઈ પણ રીતે વર્તે, તોપણ મારે માટે જ વર્તી રહ્યો છે.* મોટા પુરુષ દિવ્ય છે, નિર્દોષ છે એ માનવા માટેનું આ ગણિત ભગવાન શ્રી કૃષ્ણે આપણને સમજાવ્યું છે. એટલે એનું દેહ ભગવાનના હાથમાં ઈન્સ્ટ્રુમેન્ટ છે અને ભગવાનની ઈચ્છા પ્રમાણે એ પાંચેય ઈન્દ્રિયોનો દેહ ભગવાન વાપરી રહ્યા છે. આપણે બીજી રીતે જોઈએ તો, સૌનાય પ્રેરક, પ્રવર્તક અને નિયંતા પ્રભુ છે. કોઈને કોઈ કામ કરવા માટે પ્રેરણા આપનારા પણ પ્રભુ છે. એ કામમાં એની દાદાગીરી કેટલો સમય ચાલવા દેવી એ સમય-અવધિ નક્કી કરનારા અને પછી એને બ્રેક ક્યારે મારવી એ નક્કી કરનારા પણ પ્રભુ છે. 'કર્તા-હર્તા પ્રભુને માનવા ને એ માન્યતાને દૃઢ રાખીને સઘળી ક્રિયાઓ કરવી' એ જે આપણે આપણા સંપ્રદાયની ભાષામાં કહીએ છીએ તે આ વાતનો સ્વીકાર છે. સૌનાય પ્રેરક, પ્રવર્તક ને નિયંતા પ્રભુ છે. જેમ ખેડૂત બળદને હાંકે ને રાશ ખેંચે, જેમ ઘોડેસવાર ઘોડાની લગામ ખેંચે તો ગમે તેવો હણહણતો ઘોડો હોય તોપણ કાબૂમાં આવી જાય. એમ નિયંત્રણ કોનું ચાલે છે ? આગળ ભગવાન કહે છે, 'વરસાદ વરસાવું છું એ પણ હું છું ને નથી વરસાવતો એ પણ હું છું.' ભગવાન એમની પોતાની સત્તા-સામર્થી, ઐશ્વર્ય ને પ્રતાપનું દર્શન અર્જુનને કરાવે છે અને અર્જુનને કબુલ કરાવતાં કહે છે કે, 'તું તુચ્છ છું, તું તો નિમિત્ત છું ; માટે મારે શરણે આવ અને હું કહું તેમ કર.'

શ્રી અર્જુન ઉવાચ... *હે મધુસૂદન ! આ સમત્ત્વરૂપી યોગ વિષે તમે જે કહ્યું, તેની સ્થિરતા હું મારા મનની ચંચળતાને કારણે જોઈ શકતો નથી.* અર્જુન કહે છે કે, છઠ્ઠા અધ્યાય સુધી તમે જે કહી ગયા એમાંનું કશુંય મારા મનની ચંચળતાને કારણે પકડાણું નથી. મન એટલું બધું ચંચળ છે કે, આ તમે મને બધું જુદી જુદી રીતે સમજાવ્યું, યોગ-અવસ્થાની બધી વાત કરી, કર્મયોગની વાત કરી, સંન્યાસયોગની વાત કરી, ભક્તિયોગનો સરળ માર્ગ બતાવ્યો, પણ આ મનની ચંચળતાને કારણે *હે કૃષ્ણ ! મન ખરેખર ચંચળ, બળવાન અને જિદ્દી હોવાથી, મનુષ્યને વલોવી નાખે છે. તેને વશમાં કરવું, એ વાયુને વશમાં કરવા જેવું અત્યંત મુશ્કેલ છે, તેમ મારું માનવું છે.* એટલે અર્જુન એમ કહે છે કે, મારું મન આવું છે.

ત્યારે શ્રી ભગવાન ઉવાચ.... *હે મહાબાહો ! મનને સંયમમાં લાવવું કઠણ છે એમાં શંકા નથી, પરંતુ હે કૌન્તેય ! અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા તેને વશમાં લાવી શકાય છે.* મનમુખી થઈને બેફામ જીવે રાખે છે અને તેં કયા દિવસે પ્રયત્ન કર્યો કે મારે ગુરુમુખી-પ્રભુમુખી થાવું છે. અને જો તું પ્રયત્ન કરીશ તો ગુરુના આશીર્વાદથી, પ્રભુના બળે તું મનને જીતી શકીશ. એટલે ઋષિમુનિઓએ કહ્યું કે, 'જેણે મન જિત્યું છે તેણે આખું જગત જીતી લીધું છે.'

હે કૃષ્ણ ! આ મારી શંકા સંપૂર્ણ રીતે તમે જ દૂર કરવાને યોગ્ય છો. ખરેખર ! તમારા સિવાય બીજો કોઈ આ મારી શંકાને દૂર કરનાર નથી દેખાતો.

આ સંસારમાં સલાહ કોને પૂછવા જવી ? પ્રશ્ન કોને પૂછવો ? માર્ગદર્શન કોનું મેળવવું ? એની શીખ પણ આપણને અર્જુન આપે છે. કારણ કે, એને તો અનેક પ્રકારના પ્રશ્નો પૂછ્યા છે, અનેક શંકાઓ કરી છે એટલે જ્યાં-ત્યાં રોદણાં નહિ રડવાનાં અને જેને-તેને પોતાની વાતો નહિ કહેવાની. જે આપણી શંકાનું સમાધાન કરે, જે આપણને દુઃખમાંથી બહાર કાઢે, એનો ઉપાય બતાવે, એવાનું શરણું સ્વીકારવાનું. અને એટલે ભગવાન કહે છે કે, 'તું મારે શરણે આવ.' મારે શરણે આવ્યા પછી કરવાનું શું ? તો, 'હું કહું એમ કર.' એમ વારંવાર ભગવાન કહે છે. અને એમ કરવાથી શું થશે ? તો, 'મારામાં પરોવાયેલો રહે, મારામય બની જા તો મને પામી જા' એ અભય વરદાન ભગવાન આપે છે. એટલે 'આ સંસારમાં મને બીજો કોઈ નથી દેખાતો, નથી જડતો, એક તમે જ છો, એક તમે જ છો.' આ વાત અર્જુન આપણને શિખવાડે છે.

ત્યારે શ્રી ભગવાન ઉવાચ... *પ્રયત્નશીલ સંયમી યોગી પાપથી મુક્ત અને શુદ્ધ થતો થતો અનેક જન્મની સિદ્ધિ પછી પરમ ગતિને પામે છે. તપસ્વી, શાસ્ત્રજ્ઞાની, તેમજ કર્મકાંડરૂપી વિધિઓમાં ડૂબેલાઓ કરતાં યોગી ઉત્તમ છે. માટે હે અર્જુન ! તું યોગી થા.*

યોગી એટલે મારી સાથે, મારામાં જોડાયેલો જે છે તે. હાથ-પગ ઊંચા-નીચા કરવા ને શ્વાસ અંદર-બહાર કાઢવો તે શારીરિક તંદુરસ્તી માટેનો યોગ છે. પણ યોગનો ખરો અર્થ છે - મારી સાથે જોડાયેલો રહે. અને જે જેની

સાથે જોડાયેલા હોય તે તે રૂપ બની જાય છે, તે મય બની જાય છે. આપણી મુશ્કેલી તો એ છે કે, આપણે work while you work and play while you play પણ કરી શકતા નથી. અહીંયાં બેઠા બેઠા કેટલા ઘાટ બહારના કરીએ છીએ ! રમત રમતાં રમતાં પણ બીજી બધી ચિંતાઓ અને વિચારો મનમાં ચાલતાં હોય છે, એટલે રમતનો પણ સંપૂર્ણ આનંદ મેળવી શકતા નથી. રમો તો પૂરેપૂરા એનામય થઈ જઈને – ખોવાઈ જઈને રમો કે જેથી રમતનો આનંદ મળે. અને પછી જ્યારે તમારા સ્વધર્મ પ્રમાણે–તમને ફરજ તરીકે જે કામ સોંપવામાં આવે તે કામ જ્યારે કરો, તો એ પણ એટલું બધું પ્રામાણિકતાથી – સિન્સિયરલી અને ઑનેસ્ટલી કરો, તમે એ કામમાં પરોવાઈ જાવ, ખોવાઈ જાવ તો એ પણ યોગ બની જાય, એનામય થઈ ગયા. આ સંસ્કૃતિ, આ સંસ્કારથી આપણે જેટલા દૂર થતા ગયા એટલા આપણે યોગભ્રષ્ટ થતા ગયા. ભગવાન સાથેનો નાતો અને સંબંધ છૂટતો ગયો, તૂટતો ગયો અને તોય આપણે એવું માનતા રહ્યા કે, આપણે કેટલા સુખી છીએ !

બધા યોગીઓમાં પણ જે મારામાં મન પરોવીને શ્રદ્ધાથી મને ભજે છે, તેને હું સર્વશ્રેષ્ઠ યોગી માનું છું. હવે આ અર્જુન છે ને એણે ઘણી ઠેકાણે એવા પ્રશ્નો પૂછ્યા છે કે, 'કયો ભક્ત શ્રેષ્ઠ છે ? હું આવું કરું તો ઉત્તમ કહેવાઉં કે આવું કરું તો ઉત્તમ કહેવાઉં ? ઉત્તમ ભક્ત કોને કહેવાય ? એના શાં લક્ષણો હોય ? એને કેવી રીતે ઓળખાય ? એ તમે મને કહો એટલે હું બીજા લોકોને ઓળખી શકું કે, આ ઉત્તમ ભક્ત છે. પણ મારે ઉત્તમ ભક્ત થવું છે, એવું તે નથી પૂછતો. પ્રશ્ન એવો પૂછવો જોઈએ કે, 'હું તમારો ઉત્તમ ભક્ત કેવી રીતે બની શકું ?' અને ભગવાને અહીંયાં કહ્યું કે, શ્રેષ્ઠ યોગી, સર્વશ્રેષ્ઠ યોગી કોણ છે ? યોગીની વાત નીકળી છે તો સાતમો અધ્યાય શરૂ કરતાં પહેલાં એક યોગીની વાત કરીએ.

આપણાં પૌરાણિક શાસ્ત્રોમાં વિશ્વામિત્ર ઋષિ અને વશિષ્ઠ ઋષિની વાત આવે છે. વિશ્વામિત્ર ક્ષત્રિય હતા અને વશિષ્ઠ ઋષિ બ્રાહ્મણ હતા. વિશ્વામિત્ર ઋષિએ યોગ સાધવાનું શરૂ કર્યું. સુખી થવા માટે નહિ, પણ વશિષ્ઠ ઋષિની બરોબરીમાં યોગી બનવું એવી અદેખાઈ અને સ્પર્ધા કરવાના ભાવથી તેઓ યોગની સાધના શરૂ કરે છે. વશિષ્ઠ ઋષિની વાહવાહ થાય છે એવી એક દિવસ આપણી પણ વાહવાહ થવી જોઈએ એવી સ્પર્ધાના ભાવથી વિશ્વામિત્રએ ક્ષત્રિય હોવા છતાં ક્ષાત્રધર્મ છોડીને બ્રાહ્મણધર્મ અને તપશ્ચર્યાનો ધર્મ લીધો અને ભયંકર તપશ્ચર્યા કરવા માંડી. તપ કરો એટલે દૈવત આવતું જાય. એટલે પછી વિશ્વામિત્રએ વારાફરતી ભગવાન વિષ્ણુ, બ્રહ્માજી, ભગવાન શંકરને જઈને પૂછ્યું કે, હું અને વશિષ્ઠ, એ બેમાં મોટો કોણ ? અમારા બેમાં કોણ ચઢે ? કોણ ઉત્તમ ? કોણ શ્રેષ્ઠ ? તેઓએ તેમને શેષનાગ પાસે મોકલ્યા. એટલે શેષનાગની આગળ આવીને આ પ્રશ્ન પૂછ્યા. શેષનાગે કહ્યું, 'એક કામ કરો, આ બ્રહ્માંડનો ભાર સદીઓથી મારા માથા પર છે. એમાંથી જરાક મને ફ્રી કરો તો હું તમારી વાત સાંભળું ને તમારું તપ તપાસું.' એટલે વિશ્વામિત્ર તૈયાર થઈ ગયા અને દાવ લગાવ્યો કે, 'મારી હજારો વર્ષની જે તપશ્ચર્યા છે, તે તપશ્ચર્યાનું પુણ્ય મૂકું છું, એ પુણ્યના બળે આ બ્રહ્માંડ તમારા માથા ઉપરથી અધ્ધર થાય, કે જેથી તમારો ભાર હલકો થાય.' પણ એક તસુ પણ ખસ્યું નહિ એટલે તેઓ તો ઝાંખા પડી ગયા. પછી શેષનાગે વશિષ્ઠને કહ્યું ત્યારે વશિષ્ઠે જે સત્સંગ કર્યો હતો, ભગવાનમાં સતત જે જોડાયેલા રહ્યા હતા તેની થોડીક ક્ષણોનું પુણ્ય આપ્યું તો બ્રહ્માંડ અધ્ધર થઈ ગયું. વશિષ્ઠ ઋષિએ થોડોક જ ભાગ આપ્યો કારણ કે, આવા કામમાં આખી મિલકત વાપરી ના કઢાય.

ગુણાતીતાનંદસ્વામીએ પણ કહ્યું કે, તમને પારસમણિ મળ્યો હોય તો એનાથી ધાણા–મરચાંની ચટણી ના વટાય. અને આપણે એ જ કરીએ છીએ. આપણને ચિંતામણિનો પથ્થર મળ્યો છે, સાક્ષાત્ આ મૂર્તિ મળી છે પણ એનો ઉપયોગ શું કરીએ છીએ ? ધાણા–મરચાંની ચટણી વાટવા માટે કે, આ પથરો સારો છે, ચટણી સરસ થશે અને ખાનારાનું પણ કલ્યાણ થશે. વશિષ્ઠ ઋષિએ પોતે જે યોગ કર્યો હતો એટલે કે, પ્રભુ સાથે પોતે જે સતત જોડાયેલા હતા એની થોડીક ક્ષણોનું પુણ્ય આપ્યું અને બ્રહ્માંડ અધ્ધર થઈ ગયું. તોય હજુ વિશ્વામિત્ર ઋષિ એ જ પ્રશ્નો પૂછે છે. આપણે પણ આવું જ કરીએ છીએ ને ! આપણી નરી આંખે જોઈએ છીએ અને તે છતાંય પણ આપણને આપણી જાત માટે સવાલ થતો નથી. આપણી નજર સામે આપણા સ્નેહીજનોના શરીરમાંથી જીવ નીકળીને ચાલ્યો જાય છે, આપણે તેની નનામી ઉઠાવીને સ્મશાનઘાટ પર લઈ જઈએ છીએ તોય પણ આપણને એવો વિચાર આવે છે કે, મારી પણ આ જ ગતિ છે ! આવીને ટાઢે પાણીએ નાહી નાંખ્યું એટલે બધું ઘડીકમાં ભુલાઈ જાય છે.

શેષનાગદેવે વિશ્વામિત્ર ઋષિને કહ્યું કે, 'તમારું પુણ્ય ઓછું પડ્યું એટલે પલ્લું ઊંચું ના થયું.' એટલે વિશ્વામિત્ર ઋષિએ ફરીથી ઘોર તપશ્ચર્યા આદરી. તોય પણ એમનું નામ સંસારમાં પ્રસિદ્ધ થયું રાજર્ષિ વિશ્વામિત્ર. ઋષિ ખરા, પણ રાજ–ઋષિ. ક્યાંય પણ યજ્ઞ થાય, ઋષિઓને બોલાવે ત્યારે એમનું સન્માન થાય કે, પધારો રાજર્ષિ ! અને એમનું આસન પડે. અને જ્યારે વશિષ્ઠ આવે ત્યારે એમનું પણ સન્માન થાય કે, પધારો બ્રહ્મર્ષિ ! અને એમનું આસન પડે. આ વાત વિશ્વામિત્રને ખટકે. તેમણે બહુ દાખડો કર્યો પછી હવે નૅગેટિવ ઉપાડ લીધો કે, આપણે કોઈ પણ હિસાબે નંબર વન થવું જ છે અને આ રીતે તપ કરીને નંબર વન થઈ શકતા નથી તો જો આ ઋષિઓના સમૂહમાં વશિષ્ઠ જ ના હોય તો આપણો નંબર બીજો ના કહેવાય, પછી આપણો પહેલો નંબર થઈ જાય. પહેલાવાળાને મારી નાખીએ તો આપણે ઑટોમૅટિકલી

પહેલા થઈ જઈએ. એટલે એક દિવસ મોટું ખડગ લઈને તેઓ વશિષ્ઠનો જ્યાં નિવાસ હતો ત્યાં તેમના આશ્રમ પર-તેમની પર્ણકુટિ પર પહોંચે છે. વશિષ્ઠ અને તેમનાં પત્ની અરુંધતી પૂનમના દિવસે સુંદર ચાંદનીમાં પર્ણકુટિની બહાર બેઠેલાં. એટલે એકાંતમાં અરુંધતી બ્રહ્મર્ષિ વશિષ્ઠને પ્રશ્ન પૂછે છે કે, 'ચંદ્રનું આટલું બધું તેજ છે અને છતાંય સાથે આટલી શીતળતા છે એ કોના તપને પરિણામે છે ?' ત્યારે વશિષ્ઠ જવાબ આપે છે કે, 'આ ધરા પર વિશ્વામિત્ર નામના એક ઋષિ છે, એ એવી તપશ્ચર્યા કરી રહ્યા છે કે એ તપશ્ચર્યાને કારણે આ ચંદ્રને આવી કાંતિ અને શીતળતા પ્રાપ્ત થઈ છે.' પતિ-પત્નીનો એકાંતમાં આ સંવાદ થાય છે ત્યારે વશિષ્ઠ ઋષિ પોતાના મુખે વિશ્વામિત્ર ઋષિની તપશ્ચર્યાના વખાણ કરે છે. પર્ણકુટિ પાછળ ખડગ લઈને સંતાયેલા વિશ્વામિત્રને પશ્ચાત્તાપ થાય છે, હાથમાંથી ખડગ પડી જાય છે અને પતિ-પત્ની જ્યાં બેઠાં છે ત્યાં આવીને તેઓ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે.

જીવનમાં આવતો આ એક ઝબકારો છે, જે ઝબકારો વિશ્વામિત્ર ઋષિના જીવનમાં થયો. જે વિનાશ કરવા માટે આવ્યા હતા અને હરીફાઈ માટે જે તપશ્ચર્યા કરતા હતા, એ હવે સાચા યોગી બન્યા છે. એટલે વશિષ્ઠ એમના આસન પરથી ઊભા થાય છે અને એમને પકડીને કહે છે, 'ઊઠો બ્રહ્મર્ષિ ! તમને આવું ના શોભે.' એક-બીજાંનું માન-સન્માન અને એમને વિષે મોટપનો મહિમાનો ભાવ, એક બ્રહ્મર્ષિ જ્યારે બીજા ઋષિને બ્રહ્મર્ષિ કહીને બથમાં લઈને મળે છે ત્યારે સૃષ્ટિ પણ બ્રહ્માકાર થઈ જાય છે. બીજાને પોતાના તુલ્ય ગણી, બ્રહ્મર્ષિ કહીને બ્રહ્મભાવથી તેનો સ્વીકાર કરવો એ બહુ અઘરી બાબત છે. આ શાસ્ત્રકથાઓ, પુરાણકથાઓ આપણને આપણા જીવનમાં ઘણું શિખવાડી જાય છે. આપણે માફી પણ માંગી શકતા નથી અને કોઈ માફી માંગે તો ક્ષમા પણ આપી શકતા નથી. આપણે માફી માંગતા અને ક્ષમા કરતા શીખીએ તો બહુડાહ્યા માણસમાં આપણી ગણતરી થાય.

યોગીબાપાની કૃપાથી સાહેબદાદાની શી સ્થિતિ છે તે આવાં દૃષ્ટાંતોના માધ્યમથી સમજી શકાય છે. બાકી તો, તેઓ આપણા જેવા જ લાગે છે. અને આ વાત ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવી રહ્યા છે કે, *બધા યોગીઓમાં પણ જે મારામાં મન પરોવીને શ્રદ્ધાથી મને ભજે છે તેને હું સર્વશ્રેષ્ઠ યોગી માનું છું.* 'શ્રદ્ધા' શબ્દ બહુ અગત્યનો છે. આપણને શ્રદ્ધામાં અશ્રદ્ધાના ભાવ ઊઠે છે. ભગવાન આપણું કામ કરે ત્યારે ન્યાલકરણ... ન્યાલકરણ... અને જ્યારે આપણું ધાર્યું-માંગ્યું ના મળે ત્યારે ? અશ્રદ્ધાના ભાવ ઊઠે છે. જે શ્રદ્ધાથી મને ભજે છે એને તો, 'મારો કે તારો, બસ હું તમારો.' એ ભાવ રહે છે. 'વચનામૃત'માં એક ઠેકાણે સ્વામિનારાયણ ભગવાને લખ્યું છે કે, 'અમારા ભગતને શૂળીએ ચડાવે, ફાંસીએ ચડાવે અને અમે સામે બેઠા હોઈએ તોય એના મનમાં સંકલ્પ ના ઊઠે કે, તમે મને બચાવો. તમને હું જ મળ્યો ? બીજું, મને આમાંથી બચાવો, છોડાવો એવો પણ ઘાટ ન ઊઠે, એવો ભક્ત મને અતિશય પ્રિય છે.' જ્યારે આપણને તો સંકલ્પ ઊઠે છે કે, 'આટલા બધામાં તમને હું જ મળ્યો કે, તમારી આટલી સેવા કરી, ને પાછા સામે ઊભા રહીને મને જ શૂળીએ ચડાવો છો.' આવા બદલાની આશા સહિત કરેલી ભક્તિના ભાવોને પણ પ્રભુ તો સ્વીકારે જ છે, પણ શ્રેષ્ઠ યોગી બની શકાતું નથી. આ પ્રમાણે છઠ્ઠો અધ્યાય પૂરો થયો.

સાતમો અધ્યાય આવે છે : જ્ઞાન-વિજ્ઞાન યોગ. શ્રી ભગવાન ઉવાચ... *હે પાર્થ ! મનથી મારામાં આસક્ત થઈને, મારો જ આશરો લઈને, યોગ સાધતો, શંકા વગર, સંપૂર્ણ રીતે તું મને કેવી રીતે જાણશે તે વિષે સાંભળ.* અહીંયાં ભગવાન કૃપાસાધ્ય થયા છે. હવે ભગવાન કહે છે કે, 'તારે મને પામવો છે તો તું કેવી રીતે તે કરી શકીશ તે તું સાંભળ.' હવે અર્જુનનો પ્રશ્ન નથી પણ ભગવાનનું કૃપાવચન છે. ભગવાન જ્ઞાનની વાત કરે છે, પ્રકાશની વાત કરે છે, ઊર્ધ્વગતિની વાત કરે છે અને છેલ્લે 'મારા શરણે આવીને મારામાં જોડાઈને હું કહું એમ કર' તે વાત સુધી લઈ જાય છે.

'યોગ સાધતો' એટલે રોજ મંડ્યો રહેતો, સતત પ્રયત્ન કરતો રહેતો. મૂર્તિ સાંભરે ને પાછી જતી રહે, સાંભરે ને પાછી જતી રહે પણ એને ફરી ફરી સંભારવી એ યોગ છે. ભગવાન સ્વામિનારાયણે 'વચનામૃત'માં લખ્યું કે, 'ધ્યાન કરતાં આળસી જવું નહિ.' એટલે કે, જે લક્ષ પ્રાપ્ત કરવા માટે નિશ્ચય કર્યો છે તે જ્યાં સુધી પ્રાપ્ત ના થાય ત્યાં સુધી આળસી જવું નહિ, મૂકી દેવું નહિ, આદરેલાં અધૂરાં રાખવાં નહિ. શરીર પડી જાય તો ધત્ છે, પણ જે લક્ષ છે તે પ્રાપ્ત કરવું જ છે, આ જન્મને જ છેલ્લો જન્મ બનાવી દેવો છે, પ્રભુપ્રીત્યર્થે જીવન જીવી જવું છે.

*'હું તને અનુભવવાળું આ જ્ઞાન પૂરેપૂરી રીતે સમજાવીશ, જે જાણીને ફરીથી આ સંસારમાં બીજું કંઈ જ જાણવાનું બાકી નથી રહેતું.' 'હજારો મનુષ્યોમાં કોઈક જ મારા માટે પ્રયત્ન કરે છે, અને વળી એવા પ્રયત્નશીલ યોગીઓમાંથી ભાગ્યે જ કોઈક મને તત્ત્વથી જાણે છે.'* પછી ભગવાને પરા અને અપરા વિદ્યાની વાત કરી છે અને પોતે કેટલા શક્તિશાળી છે, સમર્થ છે તેની પણ વાત કરી છે. *'હે ધનંજય ! મારાથી ચડિયાતું બીજું કાંઈ નથી, સૂત્રથી પરોવાયેલા મણિકાની જેમ આ આખું જગત મારામાં પરોવાયેલું છે.'* ત્યાંથી ભગવાન શરૂ કરે છે. *'હે કૌન્તેય ! પાણીમાં રસ હું છું. ચંદ્ર-સૂર્યમાં પ્રકાશ હું છું. બધા વેદોમાં ૐ, આકાશમાં શબ્દ અને મનુષ્યોમાં વીર્ય હું છું.' 'પૃથ્વીમાં પવિત્ર ગંધ અને અગ્નિમાં તેજ પણ હું જ છું. સર્વ ભૂતપ્રાણીનું જીવન અને તપસ્વીઓનું તપ પણ હું જ છું.'* ભગવાને પોતાની શક્તિ, સામર્થીનું પેલું દર્શન કરાવતાં પહેલાં અર્જુનને પોતે શું છે તે ટૂંકમાં સમજાવ્યું કે, 'આ તને જે દેખાય છે તે બધાંમાં હું જ છું ને મારા વતે જ છે.'

સહજાનંદ સ્વામી મહારાજની જય ! (ક્રમશઃ) ◆